ક્રમાંકઃધ/પેન.૩/વશી-જનરલ/7th pay/તમામ/૨૦૧૬/૩૩૪૨૧-૪૪૬

નિયામક, શાળાઓની કચેરી,

૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.

તા.૨૦/૧૨/૨૦૧૬.

## -: પરિપત્ર :-

આથી પરિપત્ર કરવામાં આવે છે કે, રાજયની તમામ બીન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તમામ સંવર્ગના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ નાણાં વિભાગના તા.૧૨/૨/૨૦૦૯ તથા તા.૨૭/૨/૨૦૦૯ અને તા. ૨૦/૩/૨૦૦૯ના ઠરાવ/ જાહેરનામાની જોગવાઇ પ્રમાણેની મંજુરીથી આપેલ છે. તેવા જ ૫૯ સંવર્ગના તમામ કર્મચારીઓને સાતમા પગારપંચનો નાણાં વિભાગના તા.૧૬/૮/૨૦૧૬ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૨/૧૨/૨૦૧૬ અન્વયે નિર્દેષ કરવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૧૪ પ્રમાણેની તમામ માહિતી અદ્યતન તૈયાર કરી આ સાથેના નિયત નમુનાના ચેકલીસ્ટ તથા એનેક્ષરો/પ્રમાણપત્રો મુજબ મોકલી આપવા આથી તમામ શિક્ષણાધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે. જે ૧ થી ૧૪ મુદ્દાઓ નીચે મુજબના છે.

(૧) સરકારશ્રી ધ્વારા મળેલ વહિવટી મંજુરી અંતર્ગતની જેટલી જગ્યાઓને "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે છઠ્ઠા પગારપંચની સામે મંજુર થયેલ જગ્યાઓ ઉપર અને ત્યારબાદ ખરેખર મંજુર થયેલી જગ્યા કે મંજુરીથી ઉભી કરવામાં આવેલ જગ્યાઓને જ સાતમા પગારપંચનો લાભ આપી શકાશે.

(૨) મંજુર કરવામાં આવેલ નિયમિત પગાર ધોરણની જગ્યાઓ ને જ સાતમા પગારપંચની ભલામણ પ્રમાણે "સ્કેલ ટુ સ્કેલ" ધોરણે પગાર સુધારણા મંજુર કરી શકાશે. ફીકસ પગારમાંથી પૂરા પગારમાં સમાવેશ કરેલ હોય તેવા જ કર્મચારીઓને આવો લાભ મળવાપાત્ર થશે.

(૩) ગ્રાન્ટેડ શાળા/સંસ્થા ધ્વારા સરકારશ્રીની મંજુરી વગર ઉભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓને સાતમા પગારપંચનો લાભ મંજુર કરી શકાશે નહિ કે તેવી જગ્યાઓને ગ્રાન્ટેડ શાળાઓની જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહિ.

(૪) અનુદાનિત સંસ્થાઓની એડહોક, ફીક્સ પગારની જગ્યાઓ, કરાર આધારિત જગ્યાઓ તેમજ સંસ્થા ધ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોય તેવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે નહિ. આ અંગે સંસ્થા કક્ષાએથી નિર્ણય કરવાનો રહેશે અને કોઇપણ અનુદાન પણ આપવાનું રહેશે નહિ.

(૪-એ) નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાધોરણની યોજના હેઠળ સરકારશ્રીની મંજુરીથી ઉભી થયેલ જગ્યાઓને નિયત વર્ષોથી ફીક્સ પગારની સેવા પૂર્ણ થયેથી સાતમા પગારપંચનો લાભ આપી શકાશે.

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ૩/બમશ/૧૧૦૯-૬૫૯/ગ, તા.૧૬/૪/૨૦૦૯ અન્વયે બિન સરકારી ગ્રાંટેડ માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ જે ૫૯ સંવર્ગો નિયત કરેલ છે તેવા સંવર્ગોને જ સાતમા પગારપંચનો લાભ આપવાનો રહેશે.

(૬) આવી સંસ્થાઓની તા.૧/૧/૨૦૧૬ની સ્થિતિએ મંજુર થયેલ જગ્યાઓ, ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓની વિગતો તથા પગાર સુધારણાની દરખાસ્તની તારીખે કુલ ખાલી જગ્યાઓની વિગતો રજુ કરવાની રહેશે.

(૭) દરેક બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના કર્મચારીઓનુ અનુસૂચિ-૨ મુજબ કર્મચારીવાઇઝ/ પગાર ધોરણ સહિતની વિગતો સંપૂર્ણ સુવાચ્ય અક્ષરે ભરી, ડી.ઇ.ઓ.શ્રી કક્ષાએથી ચકાસણી કર્યા બાદ અત્રે મોકલી આપવાની રહેશે અને ચકાસણી કર્યા સબબનું પ્રમાણપત્ર પણ મેળવવાનું રહેશે.

(૭-એ) સાતમા પગારપંચના પગાર સુધારણની રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં નિયમાનુસાર મળવાપાત્ર તમામ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને કોઇપણ જગ્યા ઉપર ફરજ બજાવતા કોઈપણ સંવર્ગના કર્મચારીઓ સાતમા પગારપંચના પગાર સુધારણામાં બાકી રહેતા નથી તે સબબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

ઉપરોકત તમામ વિગતોને ધ્યાને લઇ એનેક્ષર-એ થી એફ મુજબના તમામ પ્રમાણપત્રો સહીતની માહિતી નિયત નમુનામાં કોઇપણ જાતનો ફેરફાર કર્યા વગર શાળા વાઇઝ અને કર્મચારીઓના સંવર્ગ વાઇઝની માહિતી હાર્ડ કોપીમાં બે નકલમાં અને શોફટ કોપીમાં સીડી સાથે MS EXCEL માં અને શ્રુતી ફોન્ટમાં અધ્યતન તૈયાર કરી મોડામાં મોડી દિન-૧૦માં અત્રેની કચેરી ખાતે રુબરુમાં મળી જાય તે રીતે સદર કામગીરીના જાણકાર કર્મચારી સાથે મોકલી આપવા બિનચૂક જણાવવામાં આવે છે.

નોંધ પર માનનીય સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(માધ્ય.)ના મળેલ આદેશાનુસાર

(ડૉ.બી.કે.ત્રિવેદી)
નાયબ શિક્ષણ નિયામક
(માધ્યમિક),
ગુ.રા.,ગાંધીનગર.

બિડાણઃ-ઉપર મુજબ

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ...
(૨) હિસાબી અધિકારીશ્રી, પગાર ચકાસણી એકમ(પીવીયુ), ૧૮, ડો.જી.મ.ભ., ગાંધીનગર.

નકલ સવિનય રવાના :
સંયુકત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગ-શાખા, સચિવાલય, ગાંધીનગર
શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૨/૧૨/૨૦૧૬ને સંદર્ભે

એનેક્ષર-એ

શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૨/૧૨/૨૦૧૬નું બિડાણ

સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મંજુર કરવા અંગેની દરખાસ્ત રજુ કરવાનું ચેકલીસ્ટ

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન મેળવતી સંસ્થાનું:<br>(૧) નામ :-<br>(૨) સરનામું<br>(૩) કઇ તારીખથી સંસ્થા અસ્તિત્વમાં આવેલ છે?/ સ્થાપના થયેલ છે?<br>(૪) જે એક્ટ /નિયમો હેઠળ નોંધણી થયેલ હોય તેની વિગત અને નોંધણીની તારીખ:<br>(૫) સંસ્થાનો કાયદાકીય દરજ્જો: | |
| ૨ | જે ઠરાવથી સહાયક અનુદાન મેળવતી સંસ્થા તરીકે સૌ પ્રથમ માન્યતા આપવામાં આવેલ હોય તેના નંબર અને તારીખ દર્શાવી ઠરાવની નકલ જોડવી. | |
| ૩ | સંસ્થા શું પ્રવૃત્તિ કરે છે? તેની સ્થાપનાનો હેતુ? | |
| ૪ | સંસ્થાના કુલ ખર્ચમાં પગાર-ભથ્થા અંગેના ખર્ચનું પ્રમાણ? | |
| ૫ | સંસ્થા દ્વારા જુદા જુદા હેતુ માટે કરવામાં આવતો કુલ ખર્ચ અને સંસ્થાને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનની હેતુવાર રકમ અને ટકાવારીની છેલ્લા ત્રણ વર્ષની વિગતો.<br>(પગાર-ભથ્થાં, મકાન, વિકાસ, જાળવણી વગેરે) | |
| ૬ | કેન્દ્ર સરકાર દ્વારા અનુદાન આપવામાં આવતું હોય તો તેનું પ્રમાણ-રેશીયો- છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ અને મળેલ અનુદાનની વિગતો. | |
| ૭ | સંસ્થામાં કુલ કેટલા કર્મચારીઓ છે? પગાર ધોરણ/સંવર્ગવાર કર્મચારીઓની સંખ્યા દર્શાવતું પત્રક જોડવું<br>( નમૂનાના પત્રક-અનુસૂચિ-૨ મુજબ)<br>(કર્મચારીના ઉ.પ.ધો. મુજબ નહીં) | |
| ૮ | સાતમા પગાર પંચની ભલામણો સંદર્ભે જે તે સંવર્ગના માન્ય વિદ્યમાન (Pre-revised) પગાર ધોરણો (પે બેન્ડ અને ગ્રેડ પે) સામે સાતમા પગાર પંચ મુજબ નિયત કરવામાં આવેલ પે મેટ્રીક્ષ નું લેવલ દર્શાવતું પત્રક રજુ કરવું. | |

| | | |
|---|---|---|
| ૯ | સંસ્થાની તમામ જગ્યાઓ સરકારની મંજુરીથી ઊભી કરવામાં આવેલ છે કે કેમ ? સંસ્થાને લાગુ પડતા ગ્રાન્ટ ઈન એઈડ કોડ/નિયમોનો અમલ કરવામાં આવેલ છે કે કેમ? તા.૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સંસ્થાની અનુદાન માટે મંજુર થયેલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી હતી. તે અંગે ચકાસણી કરી વિગતો રજુ કરવી. | |
| ૧૦ | નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૧૬ના ઠરાવ હેઠળ નિયત મુદત માટે ફીકસ પગારથી ભરવાની અને મુદત પૂર્ણ થયેથી નિયમિત પગાર ધોરણ મંજુર કરવાની શરતે જે જગ્યાઓ ભરવામાં આવેલ હોય તે જગ્યાઓની સંવર્ગવાર સંખ્યા | |
| ૧૧ | સરકારી કર્મચારીઓને લાગુ પડતા ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨, સેવા વર્તણૂંકના નિયમ,૧૯૭૧, શિસ્ત અને અપીલના નિયમો,૧૯૭૧ તથા સંબંધિત સંવર્ગ/ જગ્યાના ભરતી નિયમો/પરીક્ષા નિયમો સંસ્થાના કર્મચારીઓને લાગુ પડે છે કે કેમ? આ નિયમો લાગુ પાડવા અંગે કોઈ હુકમો કરવામાં આવેલ હોય તો તેની વિગતો રજુ કરવી. | |
| ૧૨ | વખતો વખત પગાર પંચના લાભો આપેલ છે કે કેમ?<br>(૧) ચોથું પગાર પંચ નિયામક મંડળની મંજૂરીથી/ વહીવટી વિભાગની મંજૂરીથી કે નાણા વિભાગની મંજૂરીથી આપેલ છે? અને તે મંજૂર કર્યાની તારીખ:<br>(ઠરાવની નકલ જોડવી) | |
| | (૨) પાંચમું પગાર પંચ નિયામક મંડળની મંજૂરીથી/ વહીવટી વિભાગની મંજૂરીથી કે નાણા વિભાગની મંજૂરીથી આપેલ છે? અને તે મંજૂર કર્યાની તારીખ:<br>(ઠરાવની નકલ જોડવી) | |
| | (૩) છઠ્ઠું પગાર પંચ નિયામક મંડળની મંજૂરીથી/ વહીવટી વિભાગની મંજૂરીથી કે નાણા વિભાગની મંજૂરીથી આપેલ છે? અને તે મંજૂર કર્યાની તારીખ:<br>(ઠરાવની નકલ જોડવી તથા મૂળ ફાઈલ રજુ કરવી | |

| | | |
|---|---|---|
| | છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર સુધારણા મંજુર કરવા અંગેના વહીવટી વિભાગના ઠરાવની તમામ શરતોનું પાલન કરવામાં આવેલ છે કે કેમ? ( ખાસ કરીને ખાલી જગ્યાઓ રદ કરવા અંગેની, ઉ.પ.ધો. યોજના લાગુ પાડવા અંગે, online પગાર બાંધણી અને ચકાસણી અંગેની અને અન્ય તમામ શરતો) તે અંગે વિધિસર હુકમો કરવામાં આવેલ હોય તો તેની નકલો રજુ કરવી. | |
| ૧૩ | કોઇ ચોક્કસ પગારપંચ વખતે ઉચ્ચત્તર પગાર ધોરણ અને અન્ય કોઇ બાબતો અંગે કોઇ શરતો લાગુ પાડવામાં આવેલ છે કે કેમ? જો, હા, તો તેની વિગત અને સંસ્થા વ્દારા તેનો અમલ કરવામાં આવેલ છે કે કેમ? તે અંગેનું પ્રમાણપત્ર જોડવું- વહીવટી વિભાગે ચકાસણી કરી પ્રમાણિત કરવું. | |
| ૧૪ | સંસ્થાના કર્મચારીઓને આપવામાં આવતા અન્ય તમામ લાભો/સવલતોની વિગત અને રાજ્ય સરકારના જે હુકમોથી મંજુરી આપવામાં આવેલ હોય તેની નકલ રજુ કરવી. | |
| ૧૫ | સરકારની મંજુરી વગર સંસ્થા વ્દારા આપવામાં આવતા અન્ય લાભો/સવલતો | |
| ૧૬ | સંસ્થાના કર્મચારીઓને નિવૃતિ લાભો આપવામાં આવતા હોય તેની વિગતો અને જે સરકારના જે હુકમો હેઠળ લાભ મંજુર કરવામાં આવેલ હોય તે હુકમ/ઠરાવની નકલ રજુ કરવી. | |
| ૧૭ | છઠ્ઠા પગાર પંચ સબંધિત તમામ લાભો આપેલ છે કે કોઇ ચોક્કસ લાભો? જો કોઇ ચોકક્સ લાભો આપેલ હોય તો તેની વિગત અને તેના કારણો. | — |
| ૧૮ | સંસ્થાના કર્મચારીઓ GPF/CPF/NPS/EPF ખાતા ધરાવતા હોય તો ફાળાની રકમ કયા દરે કપાત કરવામાં આવે છે ?. સંસ્થા વ્દારા જમા કરાવવાપાત્ર રકમ કર્મચારીના ખાતામાં નિયમિત જમા કરાવવામાં આવે છે કે કેમ? | — |
| ૧૯ | સંસ્થાના વ્દારા હિસાબો નિયમિત ઓડીટ કરાવી ઓડીટ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે કે કેમ, છેલ્લા ત્રણ વર્ષના હિસાબી અહેવાલ | — |

| | | |
|---|---|---|
| | રજૂ કરવામાં આવેલ છે કે કેમ? અહેવાલમાં ઓડીટ સત્તાધિકારી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વાંધાઓની સંસ્થા દ્વારા પૂર્તતા કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવેલ હોય તો તેના કારણો રજુ કરવા. | |
| ૨૦ | વહીવટી વિભાગ/સંબંધિત ખાતાના વડાની કચેરી દ્વારા સંસ્થાની કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ છે કે કેમ?, જો કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ હોય તો તેનો સમીક્ષા અહેવાલ રજૂ કરવો અને સંસ્થાની કામગીરી સંતોષકારક હોવા અંગે સ્પષ્ટ અભિપ્રાય આપવો. | |
| ૨૧ | જો સંસ્થાના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાની મંજુરી આપવામાં આવે તો કેટલું વધારાનું નાણાકીય ભારણ પડશે? (આવર્તક-અનાવર્તક), અને તે અંગેનો ખર્ચ સંસ્થાના સ્વભંડોળમાંથી કરવામાં આવશે કે રાજ્ય સરકારની ગ્રાંટમાંથી ખર્ચ કરવામાં આવશે? | |
| ૨૨ | કેશ- ફ્લો ફોરકાસ્ટ (રોકડ પ્રવાહ-ભંડોળ) | |
| ૨૩ | (૧) તા.૩૧-૩-૨૦૧૭ની સ્થિતિએ આવક અને ખર્ચની વિગતો,<br>(૨) આવક કયાંથી, કઇ રીતે મળે છે? તેમજ પગાર સુધારણા મંજુરીથી આવક/ખર્ચને શું અસર થશે? | |
| ૨૪ | સંસ્થા દ્વારા ચેકલીસ્ટમાં આપવામાં આવેલ વિગત-માહિતીની સબંધિત ખાતાના વડા અને વહીવટી વિભાગ દ્વારા ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ? ચકાસણીને અંતે પગાર સુધારણા મંજુર કરવા અંગે સ્પષ્ટ ભલામણ કરવી. | |

સ્થળ :
તારીખ :

સંસ્થાનું રાઉન્ડ સીલ

સંસ્થાના વડાની સહી

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોક્ત માહિતી સંસ્થાના વડા દ્વારા રેકર્ડ આધારીત રજુ કરવામાં આવેલ છે તેની ચકાસણી/ખરાઇ કરતા બરાબર માલુમ પડેલ છે જેની મે જાતે ખરાઇ કરેલ છે. જે ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :
તારીખ :

કચેરીનું રાઉન્ડ સીલ

જિલ્લા શિક્ષણાધિકારીની
સહી અને સિક્કો

## એનેક્ષર-બી

### શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા. ૨/૧૨/૨૦૧૬નું બિડાણ

### સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાની દરખાસ્ત સંદર્ભે રજુ કરવાનું પત્રક

| ક્રમ | અનુદાનિત સંસ્થાનું નામ | સંવર્ગ | તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત નિયમિત પગાર ધોરણની જગ્યાઓ પૈકી | | | છઠ્ઠા પગારપંચ મુજબની પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ હોય તે ઠરાવની અનુસૂચિમાં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગારપંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારીત લેવલ | પે મેટીક્ષ મુજબ લઘુત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર થયેલ કુલ જગ્યાઓ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | પી.બી. | પે બેન્ડ રૂા. | ગ્રેડ પે રૂા. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

સ્થળ :
તારીખ :

(સંસ્થાનું રાઉન્ડ સીલ)

સંસ્થાના વડાની સહી

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોક્ત માહિતી સંસ્થાના વડા દ્વારા રેકર્ડ આધારીત રજુ કરવામાં આવેલ છે તેની ચકાસણી/ખરાઇ કરતા બરાબર માલુમ પડેલ છે જેની મે જાતે ખરાઇ કરેલ છે, જે ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :
તારીખ :

(કચેરીનું રાઉન્ડ સીલ)

જિલ્લા શિક્ષણાધિકારીની
સહી અને સિક્કો

એનેક્ષર-સી    અનુસૂચિ

શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા. ૨/૧૨/૨૦૧૬નું બિડાણ

સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને આપવમાં આવતા લાભોની વિગતો

(સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાની દરખાસ્ત સંદર્ભે રજુ કરવાનું પત્રક)

(૧) સહાયક અનુદાન મેળવતી સંસ્થાનું નામ :-

(૨) વહિવટી વિભાગનું નામ :-

(૩) ખાતાના વડાનું નામ :-

| ક્રમ | ભથ્થાઓની વિગત | સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને વહિવટી વિભાગ દ્વારા કોલમ નં.(૨) માં જણાવ્યા મુજબના ભથ્થાંઓનો લાભ આપવામાં આવે છે કે કેમ ? "હા" કે "ના"? તેની સ્પષ્ટ વિગતો તેની સામે જણાવવી. અંને જો "હા" તો કોલમ નં-(૪) માં વિગતો દર્શાવવી. | વહિવટી વિભાગ દ્વારા કોલમ નં.(૨) માં જણાવ્યા મુજબના ભથ્થાઓને મંજૂરી આપવામાં આવેલ હોય તેના હુકમ / ઠરાવ નો નંબર અને તારીખ | કોલમ નં-(૪)માં જણાવ્યા પ્રમાણે ના હુકમો મુજબ થનાર અંદાજિત ખર્ચ ની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | પગાર-પગાર ધોરણ (Pay-Pay Scale) | | | |
| (૨) | મોંઘવારી ભથ્થું (D.A.) | | | |
| (૩) | ઘરભાડા ભથ્થું (H.R.A.) | | | |
| (૪) | સ્થાનિક વળતર ભથ્થું (C.L.A.) | | | |
| (૫) | વાહન ભથ્થું (Transport Allowance) | | | |
| (૬) | ગૃપ વિમો (Group insurance .if any) | | | |
| (૭) | સામાન્ય ભવિષ્ય નિધી (G.P.F). | | | |
| (૮) | C.P.F./E.P.F. | | | |
| (૯) | નવી પેન્શન યોજના (New Pension Scheme) | | | |
| (૧૦) | તબીબી ભથ્થું (Medical Allowance) | | | |
| (૧૧) | રજા પ્રવાસ રાહત (L.T.C.) | | | |

# એનેક્ષર-ડી

શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૨/૧૨/૨૦૧૬નું બિડાણ

સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા સંદર્ભે અનુદાનિત સંસ્થાઓ દ્વારા રજુ કરવાની માહિતીનો નમુનો

| ક્રમ | અનુદાનિત સંસ્થાનું નામ | અનુદાનિત કરવા અંગેના ઠરાવનો નંબર અને તારીખ | સંસ્થાની નિયમિત પગાર ધોરણમાં મંજુર કરવામાં આવેલ જગ્યાઓ | | | નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની જોગવાઇ હેઠળ સંસ્થાની રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ ફીકસ પગારની જગ્યાઓ | | | અન્ય નિયમો / સુચનાઓ હેઠળ રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ ફીકસ પગારની જગ્યાઓ | | | કર્મચારીનું નામ | સંવર્ગ | ચોથા પગારપંચ મુજબનું પગાર ધોરણ | પાંચપગાર પંચ મુજબનું પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | કુલ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | કુલ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

# એનેક્ષર-ડી

શિક્ષણ વિભાગના પત્રાંક/બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા. ૨/૧૨/૨૦૧૬નું બિડાણ

સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા સંદર્ભે અનુદાનિત સંસ્થાઓ દ્વારા રજુ કરવાની માહિતીનો નમુનો

| છઠ્ઠા પગારપંચ મુજબના પે બેન્ડ અને ગ્રેડ પે | | જન્મ તારીખ | નોકરીમાં દાખલ થયા તારીખ | નિવૃત્તિ તારીખ | રાજય સરકારની મંજુરી હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના હેઠળ પ્રથમ ઉ.પ.ધો.નો લાભ મળેલ છે કે કેમ ? | જો લાભ મળેલ હોય તો મંજુર કરવામાં આવેલ પગાર ધોરણ તથા મંજુરીની તારીખ | ઉચ્ચત્તર પગારધોરણ યોજના હેઠળ દ્વીતીય ઉ.પ.ધો.નોલાભ મળેલ છે કે કેમ ? | જો લાભ મળેલ હોય તો મંજુર કરવામાં આવેલ પગાર ધોરણ તથા મંજુરીની તારીખ | તા.૦૧/૦૧/૨૦૧૬ ના રોજનો છઠ્ઠા પગારપંચ મુજબનો મુળ પગાર | સાતમા પગાર પંચ અનુસારની પે મેટ્રીકસ મુજબનું લેવલ | પે મેટ્રીક્ષ મુજબ સાતમા પગાર પંચમાં મુજબ નિયત થતો પગાર | સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાને કારણે પડનાર વધારાનું ભારણ (માત્ર મુળ પગારને કારણે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પે બેન્ડ | ગ્રેડ પે | | | | | | | | | | | |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

સ્થળ :

તારીખ :

સંસ્થાના વડાની સહી

સંસ્થાનું રાઉન્ડ સીલ

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોક્ત માહિતી સંસ્થાના વડા દ્વારા રેકર્ડ આધારીત રજુ કરવામાં આવેલ છે તેની ચકાસણી/ખરાઇ કરતા બરાબર માલુમ પડેલ છે જેની મે જાતે ખરાઇ કરેલ છે, જે ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :
તારીખ :

કચેરીનું રાઉન્ડ સીલ

જિલ્લા શિક્ષણાધિકારીની
સહી અને સિક્કો

## એનેક્ષર-ઇ

(૧) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેના જિલ્લાના તાબા હેઠળની બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના કર્મચારીઓની ૫૯ સંવર્ગ પૈકીની સંવર્ગ વાઇઝની માહિતી રજુ કરવામાં આવેલ છે જેની મે રેકર્ડ આધારીત ચકાસણી કરી ખાત્રી કરવામાં આવેલ છે.

(૨) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેના જિલ્લાના તાબા હેઠળની "નોન ગ્રાંટેડ" શાળાઓના કોઇપણ કર્મચારીઓની ૫૯ સંવર્ગ પૈકીની સંવર્ગ વાઇઝની માહિતી રજુ કરવામાં આવેલ નથી. જેની મે રેકર્ડ આધારીત ખાત્રી કરવામાં આવેલ છે અન્યથા આવી શાળાઓના કર્મચારીઓનો સમાવેશ થયેલ હશે તો તેની સંપૂર્ણ જવાબદારી જિ.શિ.અ.શ્રીની અંગત રહેશે.

(૩) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શિક્ષણ વિભાગના તા.૧૬/૪/૨૦૦૯ના ઠરાવની જોગવાઇ મુજબ બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના કર્મચારીઓની જે ૫૯ સંવર્ગોને જે તે સમયે છઠ્ઠા પગારપંચનો લાભ આપવામાં આવેલ છે તેવા અને તેટલા જ સંવર્ગોના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવાનો થાય છે.

(૪) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે તા.૧/૧/૧૬ની સ્થિતિએ કુલ મંજુર થયેલ જ્ગ્યાઓ, ભરાયેલ જ્ગ્યાઓ અને ખાલી જ્ગ્યાઓ સહીતની વિગતો પગાર સુધારણાની તારીખે કુલ ખાલી જ્ગ્યાઓની રેકર્ડ આધારીત માહિતી રજુ કરેલ છે. જેની ચકાસણી કરી ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) અત્રેના જિલ્લાના તાબા હેઠળની તમામ બિન સરકારી ગ્રાંટેડ શાળાઓનો સાતમા પગારપંચના પગાર સુધારણા અર્થે તમામ શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે અને કોઇ આવી સમાન પ્રકારની માન્ય શાળાઓ બાકી રહી જવા પામતી નથી જેની રકર્ડ આધારીત ચકાસણી કરી ખાત્રી કરવામાં આવેલ છે.

સ્થળ :

તારીખ :

કચેરીનું રાઉન્ડ સીલ

જિલ્લા શિક્ષણાધિકારીની

સહી અને સિક્કો

## એનેક્ષર-એફ

(૧) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે નિયમાનુસાર સાતમા પગારપંચનો લાભ મળવાપાત્ર તમામ સંવર્ગના કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે અને કોઇપણ જગ્યા ઉપર ફરજ બજાવતા કોઇપણ સંવર્ગના કર્મચારીઓને સાતમા પગારપંચના પગાર સુધારણામા બાકી રહી જવા પામતા નથી. જેની રકર્ડ આધારીત ચકાસણી કરી ખાત્રી કરવામાં આવેલ છે.

(૨) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેના જિલ્લાના તાબા હેઠળની તમામ બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના તમામ પ૯ સંવર્ગના કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીના સેવા વિષયક નિયમો લાગુ પાડવામાં આવેલ છે અને જે નિયમોની જોગવાઇઓનુ સંપૂર્ણપણે પાલન થાય છે. જેની મે રેકર્ડ આધારીત ચકાસણી કરી ખાત્રી કરવામાં આવેલ છે.

(૩) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેના જિલ્લાના તાબા હેઠળની તમામ ગ્રાંટેડ શાળાઓના તમામ પ૯ સંવર્ગના કર્મચારીઓના સાતમા પગારપંચના પગાર સુધારણાની સરકારશ્રીની મંજુરી મેળવવાની થતી હોય, સરકારશ્રીની પૂર્વ મંજુરી વગર કે મંજુરીની અપેક્ષાએ બારોબાર પગાર સુધારણાનો લાભ મંજુર કરવામાં આવશે નહી તેની બાંહેધરી આપવામાં આવે છે.

(૪) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેના જિલ્લાના તાબા હેઠળની તમામ ગ્રાંટેડ શાળાઓના ટ્રસ્ટી મંડળના તમામ પ૯ સંવર્ગ પૈકીના સંવર્ગના કર્મચારીઓનો ઠરાવ પસાર કરેલ છે. જે પસાર કરવામાં આવેલ ઠરાવમાં કોઇપણ સંવર્ગના કર્મચારીઓ બાકી રહી જવા પામતા નથી. જેની મે રેકર્ડ આધારીત ચકાસણી કરી ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અત્રેના જિલ્લાના તાબા હેઠળની તમામ ગ્રાંટેડ શાળાઓના તમામ પ૯ સંવર્ગ પૈકીના સંવર્ગના કર્મચારીઓને આ અંગેનો લાભ મળવાપાત્ર થાય છે તે કર્મચારીઓનો સેવાપોથી ઉપરથી સેવાનો વૃતાંત/સેવાકાળ(ડેટા બેઝ) સ્વરૂપે તૈયાર કરી અદ્યતન કરવામાં આવેલ છે. જેની મે રેકર્ડ આધારીત ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

સ્થળ :

તારીખ :

કચેરીનું રાઉન્ડ સીલ

જિલ્લા શિક્ષણાધિકારીની

સહી અને સિક્કો